Test Booklet Code
પરિક્ષા પુસ્તિકાનો કોડ

English+Gujarati

# P6

# AYRUSE

No. : 7785037

This Booklet contains 44 pages.
આ પુસ્તિકામાં 44 પાનાં છે.

**Do not open this Test Booklet until you are asked to do so.**
**જ્યાં સુધી કહેવામાં ન આવે ત્યાં સુધી આ પુસ્તિકા ખોલવી નહીં.**

**Read carefully the Instructions on the Back Cover of this Test Booklet.**
**આ પરિક્ષા પુસ્તિકાના પાછળના કવર પર આપેલ સૂચનાઓ ધ્યાનથી વાંચો.**

## *Important Instructions :*

1. The Answer Sheet is inside this Test Booklet. When you are directed to open the Test Booklet, take out the Answer Sheet and fill in the particulars on **side-1** and **side-2** carefully with **blue/black** ball point pen only.
2. The test is of **3 hours** duration and Test Booklet contains **180** questions. Each question carries **4** marks. For each correct response, the candidate will get **4** marks. For each incorrect response, **one mark** will be deducted from the total scores. The maximum marks are **720**.
3. Use **Blue/Black Ball Point Pen only** for writing particulars on this page/marking responses.
4. Rough work is to be done on the space provided for this purpose in the Test Booklet only.
5. **On completion of the test, the candidate must hand over the Answer Sheet to the invigilator before leaving the Room/Hall. The candidates are allowed to take away this Test Booklet with them.**
6. The CODE for this Booklet is **P6**. Make sure that the CODE printed on **Side-2** of the Answer Sheet is the same as that on this Test Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of both the Test Booklet and the Answer Sheet.
7. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Test Booklet/Answer Sheet.
8. Use of white fluid for correction is **NOT** permissible on the Answer Sheet.

## અગત્યની સૂચનાઓ :

1. આ પરિક્ષાપુસ્તિકાની અંદર ઉત્તરવહિ છે. જ્યારે આપને પરિક્ષા પુસ્તિકા ખોલવાનું કહેવામાં આવે, ત્યારે ઉત્તરવહિ નિકાળી બાજુ -1 અને બાજુ-2 પરની વિગતો ફક્ત **વાદળી/કાળી** બોલ પોઈન્ટ પેનથી સાવધાની સાથે ભરો.
2. પરિક્ષાનો ગાળો **3** કલાકનો છે અને આ પુસ્તિકામાં **180** પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્ન **4** માર્કનો છે. પ્રત્યેક સાચા જવાબ માટે પરિક્ષાર્થીને **4** માર્ક આપવામાં આવશે. પ્રત્યેક ખોટા જવાબ માટે કુલ માર્કમાંથી **1** માર્ક ઓછો કરવામાં આવશે. મહત્તમ માર્ક **720** છે.
3. આ પાનાં પર લખાણ લખતી વખતે કે નિશાની કરતી વખતે ફક્ત **વાદળી/કાળી બોલ પોઈન્ટ પેનનો** પ્રયોગ કરો.
4. રફ કાર્ય હેતુ આ પુસ્તિકામાં આપેલ નિર્ધારિત સ્થાનમાંજ કરો.
5. **પરિક્ષા સંપન્ન થયા પછી, પરિક્ષાર્થી રૂમ/હોલ છોડતાં પહેલા ઉત્તરવહિ વર્ગ-નિરિક્ષકને અવશ્ય પાછી આપે. પરિક્ષાર્થી પોતાની સાથે આ પ્રશ્ન-પુસ્તિકા લઈ જઈ શકે છે.**
6. આ પુસ્તિકાનો કોડ **P6** છે. એ ખાતરી કરીલો કે આ પુસ્તિકાનો કોડ, ઉત્તરવહિના **બાજુ-2** પર છાપેલ કોડ સાથે મેળ ખાય છે. જો તે અલગ હોય તો પરિક્ષાર્થી બીજી પરિક્ષા પુસ્તિકા અને ઉત્તરવહિ લેવા નિરિક્ષકને તુરંત જાણ કરે.
7. પરિક્ષાર્થી એ સુનિશ્ચિત કરે કે આ ઉત્તરવહિ વળે નહીં અને તેના પર કોઈ નિશાન ન કરે. પરિક્ષાર્થી પોતાનો અનુક્રમ પ્રશ્ન-પુસ્તિકા/ઉત્તરવહિમાં નિર્ધારીત સ્થાન સિવાય અન્યત્ર ક્યાંય લખવો નહીં.
8. ઉત્તરવહિમાં કોઈપણ પ્રકારના સુધારા માટે વ્હાઈટ-ઈન્કનો ઉપયોગ કરવાની અનુમતિ **નથી.**

**In case of any ambiguity in translation of any question, English version shall be treated as final.**
**પ્રશ્નોનાં અનુવાદમાં કોઈ અસ્પષ્ટતાની સ્થિતિમાં, અંગ્રેજી સંસ્કરણને જ અંતિમ માનવામાં આવશે.**

Name of the Candidate (in Capitals) : ____________________
પરિક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં) :

Roll Number : in figures ____________________
અનુક્રમ : અંકોમાં
: in words ____________________
: શબ્દોમાં

Centre of Examination (in Capitals) : ____________________
પરિક્ષા કેન્દ્ર (મોટા અક્ષરોમાં) :

Candidate's Signature : ____________________
પરિક્ષાર્થીની સહી :

Invigilator's Signature : ____________________
નિરિક્ષકની સહી :

Fascimile signature stamp of
Centre Superintendent : ____________________

SEAL

1. Select the **incorrect** statement.
(1) Inbreeding increases homozygosity.
(2) Inbreeding is essential to evolve purelines in any animal.
(3) Inbreeding selects harmful recessive genes that reduce fertility and productivity.
(4) Inbreeding helps in accumulation of superior genes and elimination of undesirable genes.

2. Which of the statements given below is **not** true about formation of Annual Rings in trees ?
(1) Annual ring is a combination of spring wood and autumn wood produced in a year.
(2) Differential activity of cambium causes light and dark bands of tissue - early and late wood respectively.
(3) Activity of cambium depends upon variation in climate.
(4) Annual rings are not prominent in trees of temperate region.

3. Under which of the following conditions will there be no change in the reading frame of following mRNA ?
5′ AACAGCGGUGCUAUU 3′
(1) Insertion of G at $5^{th}$ position
(2) Deletion of G from $5^{th}$ position
(3) Insertion of A and G at $4^{th}$ and $5^{th}$ positions respectively
(4) Deletion of GGU from $7^{th}$, $8^{th}$ and $9^{th}$ positions

4. The frequency of recombination between gene pairs on the same chromosome as a measure of the distance between genes was explained by :
(1) T.H. Morgan
(2) Gregor J. Mendel
(3) Alfred Sturtevant
(4) Sutton Boveri

5. Which of the following contraceptive methods do involve a role of hormone ?
(1) Lactational amenorrhea, Pills, Emergency contraceptives
(2) Barrier method, Lactational amenorrhea, Pills
(3) CuT, Pills, Emergency contraceptives
(4) Pills, Emergency contraceptives, Barrier methods

1. ખોટું વિધાન પસંદ કરો.
(1) અંતઃપ્રજનન સમયુગ્મતા વધારે છે.
(2) અંતઃપ્રજનન કોઈપણ પ્રાણીમાં શુદ્ધ વંશ (purelines) ના વિકાસ માટે જરૂરી છે/આવશ્યક છે.
(3) અંતઃપ્રજનન નુકશાનકારક પ્રચ્છન્ન જનીનોને પસંદ કરે છે કે જે ફલનક્ષમતા અને પ્રોડક્ટીવિટી ઘટાડે છે.
(4) અંતઃપ્રજનન ઉચ્ચ કોટીના જનીનોની જમાવટમાં તેમજ અનઈચ્છિત જનીનોને દૂર કરવામાં મદદ કરે છે.

2. વૃક્ષોમાં વાર્ષિક વલયો ના નિર્માણ માટે નીચે પૈકી ક્યું વિધાન **સાચુ નથી** ?
(1) વાર્ષિક વલય એ વર્ષ દરમ્યાન બનતા વસંતકાષ્ઠ અને શરદ કાષ્ઠના સંયોજન થી બને છે.
(2) એધાની જુદી જુદી કાર્યશિલતાને કારણે આછા અને ઘાટ્ટા પટ્ટાઓની પેશી જોવા મળે છે જે અનુક્રમે પૂર્વકાષ્ઠ અને પશ્ચકાષ્ઠ છે.
(3) એધાની ક્રિયાશીલતા હવામાનના ફેરફાર પર આધારીત હોય.
(4) સમશીતોષ્ણ વિસ્તારના વૃક્ષોમાં વાર્ષિક વલય એ ધ્યાનાકર્ષક નથી હોતુ.

3. નીચેના mRNA માં નીચે પૈકીની કઈ સ્થિતિમાં રીડીંગ ફ્રેમમાં કોઈ ફેરફાર થતો નથી?
5′ AACAGCGGUGCUAUU 3′
(1) 5મા સ્થાને G ને દાખલ કરવામાં આવે
(2) 5મા સ્થાન પરથી G નો લોપ થાય ત્યારે
(3) 4થા અને 5મા સ્થાન પર અનુક્રમે A અને G દાખલ કરવામાં આવે
(4) 7મા, 8મા અને 9મા સ્થાન પરથી GGU નું ડિલીશન

4. જનીન જોડ કે જે એ જ રંગસૂત્ર પર આવેલ હોય તેના પુનઃજોડાણની શક્યતા તેના વચ્ચે રહેલા અંતર પર નિર્ભર હોય છે તેવું આમના દ્વારા સમજાવવામાં આવ્યું :
(1) ટી.એચ. મોર્ગન
(2) ગ્રેગર જે. મેન્ડલ
(3) આલ્ફ્રેડ સ્ટર્ટવેન્ટ
(4) સટન બોવેરી

5. નીચે પૈકીની કઈ ગર્ભનિરોધક પદ્ધતિમાં અંતઃસ્રાવ ભાગ ભજવે છે ?
(1) લેક્ટેશનલ એમેનોરીઆ, ગોળીઓ, ઈમર્જન્સી કોન્ટ્રાસેપ્ટીવ્સ
(2) બેરીયર મેથડ, લેક્ટેશનલ એમેનોરીઆ, ગોળીઓ
(3) CuT, ગોળીઓ, ઈમર્જન્સી કોન્ટ્રાસેપ્ટીવ્સ
(4) ગોળીઓ, ઈમર્જન્સી કોન્ટ્રાસેપ્ટીવ્સ, બેરીયર (અંતરાય) મેથડ

6. Which of these following methods is the most suitable for disposal of nuclear waste ?
(1) Shoot the waste into space
(2) Bury the waste under Antarctic ice-cover
(3) Dump the waste within rocks under deep ocean
(4) Bury the waste within rocks deep below the Earth's surface

7. Which of the following glucose transporters is insulin-dependent ?
(1) GLUT I
(2) GLUT II
(3) GLUT III
(4) GLUT IV

8. The ciliated epithelial cells are required to move particles or mucus in a specific direction. In humans, these cells are mainly present in :
(1) Bile duct and Bronchioles
(2) Fallopian tubes and Pancreatic duct
(3) Eustachian tube and Salivary duct
(4) Bronchioles and Fallopian tubes

9. Which one of the following statements regarding post-fertilization development in flowering plants is **incorrect** ?
(1) Ovary develops into fruit
(2) Zygote develops into embryo
(3) Central cell develops into endosperm
(4) Ovules develop into embryo sac

10. Which of the following factors is responsible for the formation of concentrated urine ?
(1) Low levels of antidiuretic hormone.
(2) Maintaining hyperosmolarity towards inner medullary interstitium in the kidneys.
(3) Secretion of erythropoietin by Juxtaglomerular complex.
(4) Hydrostatic pressure during glomerular filtration.

11. It takes very long time for pineapple plants to produce flowers. Which combination of hormones can be applied to artificially induce flowering in pineapple plants throughout the year to increase yield ?
(1) Auxin and Ethylene
(2) Gibberellin and Cytokinin
(3) Gibberellin and Abscisic acid
(4) Cytokinin and Abscisic acid

6. નીચે પૈકીની કઈ પદ્ધતિ આણ્વીય કચરાના નિકાલ માટે સૌથી વધુ અનુકૂળ છે ?
(1) કચરાને આકાશમાં ફેંકી દો.
(2) એન્ટાર્કટિકના બરફ નીચે કચરાને દાટી દો.
(3) ઊંડા મહાસાગરોમાં ખડકોની વચ્ચે કચરાને ઠાલવી દો.
(4) ભૂમિની સપાટી નીચે પેટાળમાં ખડકોની વચ્ચે કચરાને દાટી દો.

7. નીચે પૈકીનુ ક્યું ગ્લુકોઝનું વાહક ઈન્સ્યુલીન પર અવલંબીત છે ?
(1) GLUT I
(2) GLUT II
(3) GLUT III
(4) GLUT IV

8. ચોક્કસ દિશામાં કણો કે શ્લેષ્મના વહન માટે પક્ષ્મલ અધિચ્છદીય કોષો આવશ્યક છે. માનવીમાં આ કોષો, મુખ્યત્ત્વે આમાં હાજર હોય છે :
(1) પીત્તનળી અને સૂક્ષ્મ શ્વાસવાહિકા
(2) અંડવાહિની અને સ્વાદુપિંડ નલિકા
(3) યુસ્ટેશિયન નલિકા અને લાળ નલિકા
(4) સૂક્ષ્મ શ્વાસવાહિકા અને અંડવાહિની

9. સપુષ્પ વનસ્પતિમાં ફલન બાદના વિકાસ માટે નીચે પૈકી ક્યું વિધાન **ખોટું** છે ?
(1) બીજાશય ફળમાં પરિણમે છે.
(2) ફલિતાંડ એ ભ્રૂણમાં પરિણમે છે.
(3) દ્વિતીય (કેન્દ્રસ્થ) કોષમાંથી ભ્રૂણપોષ બને છે.
(4) અંડકો ભ્રૂણપુટ માં પરિણમે છે.

10. સાંદ્ર મૂત્રના નિર્માણ માટે નીચે પૈકીનું ક્યુ પરીબળ જવાબદાર છે ?
(1) એન્ટી-ડાયયુરેટિક અંતઃસ્રાવનું નીચું પ્રમાણ (ઓછી માત્રા)
(2) મૂત્રપીંડમાં મજ્જક આંતરાલીય પ્રવાહી પ્રત્યે ઊંચી ઓસ્મોલારિટીની જાળવણી
(3) જકસ્ટા ગ્લોમેરૂલર સંકુલ દ્વારા ઈરિથ્રોપોએટીનનો સ્રાવ
(4) ગ્લોમેરૂલર ગાળણ દરમ્યાન હાઈડ્રોસ્ટેટીક પ્રેશર

11. પાઈનેપલ વનસ્પતિમાં પુષ્પો ઉત્પન્ન થવામાં ઘણો વિલંબ થાય છે. એવો ક્યો અંતઃસ્રાવ વાપરવામાં આવે કે જેથી અકુદરતી રીતે પાઈનેપલ વનસ્પતિમાં પુષ્પોદ્ભવ પ્રેરીત કરી, સમગ્ર વર્ષ દરમ્યાન ઉત્પાદન વધારી શકાય ?
(1) ઓક્ઝીન અને ઈથીલીન
(2) જીબરેલીન અને સાયટોકાયનીન
(3) જીબરેલીન અને એબ્સેસિક એસિડ
(4) સાયટોકાયનીન અને એબ્સેસિક એસિડ

12. Which of the following is a commercial blood cholesterol lowering agent?
(1) Cyclosporin A
(2) Statin
(3) Streptokinase
(4) Lipases

13. Which of the following immune responses is responsible for rejection of kidney graft?
(1) Auto-immune response
(2) Humoral immune response
(3) Inflammatory immune response
(4) Cell-mediated immune response

14. Extrusion of second polar body from egg nucleus occurs :
(1) after entry of sperm but before fertilization
(2) after fertilization
(3) before entry of sperm into ovum
(4) simultaneously with first cleavage

15. Which of the following muscular disorders is inherited?
(1) Tetany
(2) Muscular dystrophy
(3) Myasthenia gravis
(4) Botulism

16. Xylem translocates :
(1) Water only
(2) Water and mineral salts only
(3) Water, mineral salts and some organic nitrogen only
(4) Water, mineral salts, some organic nitrogen and hormones

17. How does steroid hormone influence the cellular activities?
(1) Changing the permeability of the cell membrane.
(2) Binding to DNA and forming a gene-hormone complex.
(3) Activating cyclic AMP located on the cell membrane.
(4) Using aquaporin channels as second messenger.

12. નીચે પૈકીનુ ક્યું રૂધિરમાં કોલેસ્ટેરોલને નીચુ લાવતું વ્યાપારીક પ્રતિનિધી (કારક) છે ?
(1) સાઈક્લોસ્પોરિન A
(2) સ્ટેટિન
(3) સ્ટ્રેપ્ટોકાઈનેઝ
(4) લાઈપેઝીઝ

13. નીચે પૈકીનો ક્યો ઈમ્યુન રિસ્પોન્સ કિડની ગ્રાફ્ટના (પ્રત્યાર્પણ) અસ્વિકાર માટે જવાબદાર છે ?
(1) ઓટો-ઈમ્યુન રિસ્પોન્સ
(2) હ્યુમોરલ ઈમ્યુન રિસ્પોન્સ
(3) ઈન્ફ્લેમેટરી (દાહપ્રેરક) ઈમ્યુન રિસ્પોન્સ
(4) સેલ-મેડીયેટેડ ઈમ્યુન રિસ્પોન્સ

14. અંડકોષકેન્દ્રમાંથી દ્વિતીય ધ્રુવકાયની બહાર ફેંકાવાની ક્રિયા :
(1) શુક્રકોષના પ્રવેશ પછી પણ ફલન પહેલાં થાય છે.
(2) ફલન બાદ થાય છે.
(3) અંડકોષમાં શુક્રકોષના પ્રવેશ પહેલાં થાય છે.
(4) પ્રથમ વિખંડનની સાથોસાથ થાય છે.

15. નીચે પૈકીની કઈ સ્નાયુ સંબંધી અનિયમીતતા વારસાગત હોય છે?
(1) ટીટેની
(2) સ્નાયુમય દુર્વિકાર (મસ્ક્યુલર ડિસ્ટ્રોફી)
(3) માયેસ્થેનીઆ ગ્રેવીસ
(4) બોટ્યુલીઝમ

16. જલવાહક સ્થાનાંતરીત કરે છે :
(1) માત્ર પાણી
(2) માત્ર પાણી અને ખનીજ ક્ષારો
(3) માત્ર પાણી, ખનીજ ક્ષારો અને કેટલાક કાર્બનિક નાઈટ્રોજન
(4) પાણી, ખનીજ ક્ષારો, કેટલાક કાર્બનિક નાઈટ્રોજન અને અંતઃસ્રાવો

17. સ્ટીરોઈડ અંતઃસ્રાવો કેવી રીતે કોષીય ક્રિયા વિધીને અસર કરે છે ?
(1) કોષરસસ્તરની પારગમ્યતામાં બદલાવ (ફેરફાર) પ્રેરે છે.
(2) DNA સાથે જોડાઈ જનીન-અંતઃસ્રાવ સંકુલ બનાવે છે.
(3) કોષરસસ્તર પર ગોઠવાયેલા ચક્રિય AMP ને સક્રિય કરે છે.
(4) એકવાપોરીન ચેનલ્સનો ઉપયોગ દ્વિતીયક સંદેશક તરીકે.

18. In some plants, the female gamete develops into embryo without fertilization. This phenomenon is known as :

(1) Autogamy
(2) Parthenocarpy
(3) Syngamy
(4) Parthenogenesis

19. Which of the following ecological pyramids is generally inverted ?

(1) Pyramid of numbers in grassland
(2) Pyramid of energy
(3) Pyramid of biomass in a forest
(4) Pyramid of biomass in a sea

20. Drug called 'Heroin' is synthesized by :

(1) methylation of morphine
(2) acetylation of morphine
(3) glycosylation of morphine
(4) nitration of morphine

21. Which of the following pair of organelles **does not** contain DNA ?

(1) Mitochondria and Lysosomes
(2) Chloroplast and Vacuoles
(3) Lysosomes and Vacuoles
(4) Nuclear envelope and Mitochondria

22. Consider following features :

(a) Organ system level of organisation
(b) Bilateral symmetry
(c) True coelomates with segmentation of body

Select the **correct** option of animal groups which possess all the above characteristics.

(1) Annelida, Arthropoda and Chordata
(2) Annelida, Arthropoda and Mollusca
(3) Arthropoda, Mollusca and Chordata
(4) Annelida, Mollusca and Chordata

18. કેટલીક વનસ્પતિઓમાં, માદા જન્યુજનક એ ફલન પામ્યા વગર ભ્રૂણમાં વિકાસ પામે છે. આ ઘટનાને આ કહેવાય છે :

(1) સ્વફલન
(2) અફલિતતા
(3) સંયુગ્મન
(4) અસંયોગીજનન

19. નીચે પૈકી ક્યા પરિસ્થિતિકીય પિરામિડો સામાન્ય રીતે ઊંધા હોય છે ?

(1) ઘાસના મેદાન ના સંખ્યાના પિરામિડ
(2) શક્તિના પિરામિડ
(3) જંગલના જૈવભારના પિરામિડ
(4) સમુદ્રના જૈવભારના પિરામિડ

20. 'હેરોઈન' નામે ઓળખાતુ ઔષધ એ આના દ્વારા સંશ્લેષિત થાય છે :

(1) મોર્ફીનનું મીથાયલેશન
(2) મોર્ફીનનું એસીટાયલેશન
(3) મોર્ફીનનું ગ્લાયકોસાયલેશન
(4) મોર્ફીનનું નાઈટ્રેશન

21. નીચે પૈકીની અંગિકાઓની કઈ જોડ DNA ધરાવતી **નથી** ?

(1) કણાભસૂત્રો અને લાયસોઝોમ્સ
(2) ક્લોરોપ્લાસ્ટ અને રસધાનીઓ
(3) લાયસોઝોમ્સ અને રસધાનીઓ
(4) કોષકેન્દ્રપટલ અને કણાભસૂત્રો

22. નીચેની લાક્ષણિક્તાઓને ધ્યાને લો :

(a) અંગ સ્તરનું આયોજન
(b) દ્વિપાર્શ્વસમ સમરચના
(c) ખંડીય શરીર રચના સાથે સાચી શરીરગુહા ધરાવે છે

ઉપરની બધીજ લાક્ષણિક્તાઓ ધરાવતા હોય તેવા પ્રાણી જુથોને દર્શાવતો **સાચો** વિકલ્પ પસંદ કરો.

(1) વલયકૃમિ (નુપૂરક), સંધિપાદ અને મેરૂદંડી
(2) વલયકૃમિ (નુપૂરક), સંધિપાદ અને મૃદુકાય
(3) સંધિપાદ, મૃદુકાય અને મેરૂદંડી
(4) વલયકૃમિ (નુપૂરક), મૃદુકાય અને મેરૂદંડી

23. Select the **correctly** written scientific name of Mango which was first described by Carolus Linnaeus :

(1) *Mangifera indica* Car. Linn.

(2) *Mangifera indica* Linn.

(3) *Mangifera indica*

(4) *Mangifera Indica*

24. What is the fate of the male gametes discharged in the synergid ?

(1) One fuses with the egg, other(s) degenerate(s) in the synergid.

(2) All fuse with the egg.

(3) One fuses with the egg, other(s) fuse(s) with synergid nucleus.

(4) One fuses with the egg and other fuses with central cell nuclei.

25. Select the **correct** sequence of organs in the alimentary canal of cockroach starting from mouth :

(1) Pharynx → Oesophagus → Crop → Gizzard → Ileum → Colon → Rectum

(2) Pharynx → Oesophagus → Gizzard → Crop → Ileum → Colon → Rectum

(3) Pharynx → Oesophagus → Gizzard → Ileum → Crop → Colon → Rectum

(4) Pharynx → Oesophagus → Ileum → Crop → Gizzard → Colon → Rectum

26. Which of the following is **true** for Golden rice ?

(1) It is Vitamin A enriched, with a gene from daffodil.

(2) It is pest resistant, with a gene from *Bacillus thuringiensis*.

(3) It is drought tolerant, developed using *Agrobacterium* vector.

(4) It has yellow grains, because of a gene introduced from a primitive variety of rice.

27. Respiratory Quotient (RQ) value of tripalmitin is :

(1) 0.9

(2) 0.7

(3) 0.07

(4) 0.09

23. કેરીનું **સાચી રીતે** લખેલું વૈજ્ઞાનિક નામ નીચેમાંથી પસંદ કરો કે જે કાર્લસ લિનિયસે સૌ પ્રથમ વર્ણવેલું.

(1) *Mangifera indica* Car. Linn.

(2) *Mangifera indica* Linn.

(3) *Mangifera indica*

(4) *Mangifera Indica*

24. નર જન્યુઓ કે જે સહાયક કોષોમાં મુક્ત થાય પછી તેનું ભાવી શું હોય છે ?

(1) એક અંડકોષ સાથે મિલન પામે છે અને અન્ય એક તે સહાયક કોષમાં અવનત પામે છે.

(2) બધા અંડકોષ સાથે મિલન પામે છે.

(3) એક અંડકોષ સાથે મિલન પામે છે અને અન્ય સહાયક કોષના કોષકેન્દ્ર સાથે મિલન પામે છે.

(4) એક અંડકોષ સાથે મિલન પામે છે અને અન્ય દ્વિતીય (કેન્દ્રસ્થ) કોષ કેન્દ્રો સાથે મિલન પામે છે.

25. વંદાના પાચન માર્ગમાં મુખથી શરૂ કરીને અંગોની ગોઠવણીનો **સાચો** ક્રમ દર્શાવતો વિકલ્પ પસંદ કરો.

(1) કંઠનળી → અન્નનળી → અન્ન સંગ્રહાશય → પેષણી → શેષાંત્ર → કોલોન → મળાશય

(2) કંઠનળી → અન્નનળી → પેષણી → અન્ન સંગ્રહાશય → શેષાંત્ર → કોલોન → મળાશય

(3) કંઠનળી → અન્નનળી → પેષણી → શેષાંત્ર → અન્ન સંગ્રહાશય → કોલોન → મળાશય

(4) કંઠનળી → અન્નનળી → શેષાંત્ર → અન્ન સંગ્રહાશય → પેષણી → કોલોન → મળાશય

26. સુવર્ણ ડાંગર (સોનેરી ચોખા) માટે નીચે પૈકી ક્યું **સાચું** છે ?

(1) તે વિટામીન A થી ભરપૂર હોય છે, ડેફોડીલ ના એક જનીન સાથે.

(2) તે જીવાતરોધક છે તથા *બેસીલસ થુરીનજીનસીસ* ના એક જનીન સાથે હોય છે.

(3) તે શુષ્કતા સહનશીલ, *એગ્રોબેક્ટેરિયમ* વાહક ના ઉપયોગ થી વિકસીત થયેલ છે.

(4) તેના દાણા પીળા હોય છે, કારણ કે તેમાં ચોખાની આદિ વેરાયટી માંથી જનીનો મેળવાયેલા હોય છે.

27. ટ્રાઇપાલમીટીન માટે શ્વસન અચળાંક (RQ) મૂલ્ય આ છે :

(1) 0.9

(2) 0.7

(3) 0.07

(4) 0.09

28. Which of the following statements is **correct** ?

(1) Cornea is an external, transparent and protective proteinacious covering of the eye-ball.

(2) Cornea consists of dense connective tissue of elastin and can repair itself.

(3) Cornea is convex, transparent layer which is highly vascularised.

(4) Cornea consists of dense matrix of collagen and is the most sensitive portion of the eye.

29. Which of the following statements is **not** correct ?

(1) Lysosomes have numerous hydrolytic enzymes.

(2) The hydrolytic enzymes of lysosomes are active under acidic pH.

(3) Lysosomes are membrane bound structures.

(4) Lysosomes are formed by the process of packaging in the endoplasmic reticulum.

30. Match the following genes of the Lac operon with their respective products :

| | | | |
|---|---|---|---|
| (a) | i gene | (i) | β-galactosidase |
| (b) | z gene | (ii) | Permease |
| (c) | a gene | (iii) | Repressor |
| (d) | y gene | (iv) | Transacetylase |

Select the **correct** option.

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (i) | (iii) | (ii) | (iv) |
| (2) | (iii) | (i) | (ii) | (iv) |
| (3) | (iii) | (i) | (iv) | (ii) |
| (4) | (iii) | (iv) | (i) | (ii) |

31. Select the **correct** option.

(1) $8^{th}$, $9^{th}$ and $10^{th}$ pairs of ribs articulate directly with the sternum.

(2) $11^{th}$ and $12^{th}$ pairs of ribs are connected to the sternum with the help of hyaline cartilage.

(3) Each rib is a flat thin bone and all the ribs are connected dorsally to the thoracic vertebrae and ventrally to the sternum.

(4) There are seven pairs of vertebrosternal, three pairs of vertebrochondral and two pairs of vertebral ribs.

28. નીચે પૈકીનું ક્યું વિધાન **સાચું** છે ?

(1) પારદર્શક પટલ એ બાહ્ય, પારદર્શક અને રક્ષણાત્મક પ્રોટીનનુ બનેલ આંખનું આવરણ છે.

(2) પારદર્શક પટલ ઈલાસ્ટિન ની બનેલ સઘન સંયોજકપેશી ધરાવે છે અને પોતાની જાતે રીપેર થઈ શકે છે.

(3) પારદર્શક પટલ બહિર્ગોળ, પારદર્શક સ્તર છે કે જે ખૂબજ વાહિનીઓ ધરાવતું હોય છે.

(4) પારદર્શક પટલ કોલેજનનુ બનેલ ઘટ્ટ આધારક ધરાવે છે અને તે આંખનો સૌથી વધુ સંવેદી ભાગ છે.

29. નીચે પૈકી ક્યું વિધાન **સાચુ નથી** ?

(1) લાયસોઝોમ્સ માં ઘણા જળવિભાજીત ઉત્સેચકો હોય છે.

(2) લાયસોઝોમ્સના જળવિભાજીત ઉત્સેચકોએ એસિડિક pH માં સક્રિય હોય છે.

(3) લાયસોઝોમ્સ રસસ્તર આવરિત રચના છે.

(4) લાયસોઝોમ્સનું નિર્માણ, અંતઃકોષરસજાળમાં પેકેજીંગ પ્રક્રિયા દ્વારા થાય છે.

30. લેક ઓપેરોનના નીચેના જનીનોને તેમની સંબંધિત નીપજ સાથે જોડો :

| | | | |
|---|---|---|---|
| (a) | i જનીન | (i) | β-ગેલેક્ટોસાઈડેઝ |
| (b) | z જનીન | (ii) | પર્મીએઝ |
| (c) | a જનીન | (iii) | રીપ્રેસર |
| (d) | y જનીન | (iv) | ટ્રાન્સએસિટાઈલેઝ |

**સાચો** વિકલ્પ પસંદ કરો :

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (i) | (iii) | (ii) | (iv) |
| (2) | (iii) | (i) | (ii) | (iv) |
| (3) | (iii) | (i) | (iv) | (ii) |
| (4) | (iii) | (iv) | (i) | (ii) |

31. **સાચો** વિકલ્પ પસંદ કરો.

(1) પાંસળીઓની 8 મી, 9 મી અને 10 મી જોડ સીધે સીધી ઉરોસ્થિ સાથે જોડાયેલી છે.

(2) પાંસળીઓની 11 મી તેમજ 12 મી જોડ કાચવત્ કાસ્થિની મદદથી ઉરોસ્થિ સાથે જોડાયેલી છે.

(3) પ્રત્યેક પાંસળી એ ચપટું પાતળું અસ્થિ છે અને બધીજ પાંસળીઓ પૃષ્ઠ તરફ ઉરસીય કશેરૂકાઓ સાથે તેમજ વક્ષ તરફ ઉરોસ્થિ સાથે જોડાયેલી છે.

(4) સાત જોડ વર્ટીબ્રોસ્ટર્નલ, ત્રણ જોડ વર્ટીબ્રોકોન્ડ્રલ અને બે જોડ વર્ટીબ્રલ રીબ્સ આવેલી છે.

32. Which one of the following is **not** a method of *in situ* conservation of biodiversity ?

(1) Biosphere Reserve
(2) Wildlife Sanctuary
(3) Botanical Garden
(4) Sacred Grove

33. Select the **incorrect** statement.

(1) Male fruit fly is heterogametic.
(2) In male grasshoppers, 50% of sperms have no sex-chromosome.
(3) In domesticated fowls, sex of progeny depends on the type of sperm rather than egg.
(4) Human males have one of their sex-chromosome much shorter than the other.

34. Which of the following features of genetic code does allow bacteria to produce human insulin by recombinant DNA technology ?

(1) Genetic code is not ambiguous
(2) Genetic code is redundant
(3) Genetic code is nearly universal
(4) Genetic code is specific

35. What would be the heart rate of a person if the cardiac output is 5 L, blood volume in the ventricles at the end of diastole is 100 mL and at the end of ventricular systole is 50 mL ?

(1) 50 beats per minute
(2) 75 beats per minute
(3) 100 beats per minute
(4) 125 beats per minute

36. Match the following organisms with their respective characteristics :

| | | | |
|---|---|---|---|
| (a) | *Pila* | (i) | Flame cells |
| (b) | *Bombyx* | (ii) | Comb plates |
| (c) | *Pleurobrachia* | (iii) | Radula |
| (d) | *Taenia* | (iv) | Malpighian tubules |

Select the **correct** option from the following :

| | **(a)** | **(b)** | **(c)** | **(d)** |
|---|---|---|---|---|
| (1) | (iii) | (ii) | (i) | (iv) |
| (2) | (iii) | (iv) | (ii) | (i) |
| (3) | (ii) | (iv) | (iii) | (i) |
| (4) | (iii) | (ii) | (iv) | (i) |

32. નીચે પૈકી કઈ પધ્ધતિ જૈવ વિવિધતાના સ્વ-સ્થાન સંરક્ષણ માટેની પધ્ધતિ **નથી** ?

(1) આરક્ષિત જૈવાવરણ (બાયોસ્ફીયર રીઝર્વ)
(2) વન્યજીવ અભયારણ્ય (વાઈલ્ડ લાઈફ સેન્ચુરી)
(3) વનસ્પતિ ઉદ્યાન
(4) પવિત્ર સ્થાનો

33. ખોટું વિધાન પસંદ કરો.

(1) નર ફળમાખી વિષમજન્યુક (હેટેરોગેમેટીક) છે.
(2) નર ગ્રાસ હોપરમાં, 50% શુક્રકોષો લિંગી-રંગસૂત્ર ધરાવતાં નથી.
(3) પાલતુ મરઘીઓમાં, સંતતિઓની જાતનો આધાર અંડકોષ (ઈંડુ) કરતાં શુક્રકોષ ના પ્રકાર પર રહેલો છે.
(4) નર માનવીમાં બે પૈકી એક લિંગી રંગસૂત્ર બીજા કરતાં ટૂંકુ હોય છે.

34. જનીન સંકેતનું નીચે પૈકીનું ક્યુ લક્ષણ બેક્ટેરીયાને પુનઃસંયોજીત DNA ટેક્નોલોજી દ્વારા માનવ ઈન્સ્યુલીન નું નિર્માણ કરવા દે છે ?

(1) જનીન સંકેત અસંદિગ્ધ હોય છે.
(2) જનીન સંકેત વ્યર્થ હોય છે.
(3) જનીન સંકેત લગભગ સાર્વત્રિક હોય છે.
(4) જનીન સંકેત ચોક્કસ (સ્પેસિફિક) હોય છે.

35. જો કાર્ડિયક આઉટપુટ 5 L હોય, ક્ષેપકમાં તેના શિથિલનને અંતે રૂધિરનો જથ્થો 100 mL હોય અને ક્ષેપકના આકુંચનને અંતે 50 mL હોય તો, વ્યક્તિનો હૃદ દર (ધબકારાઓનો દર) શું હશે ?

(1) પ્રતિ મિનિટ 50 ધબકારા
(2) પ્રતિ મિનિટ 75 ધબકારા
(3) પ્રતિ મિનિટ 100 ધબકારા
(4) પ્રતિ મિનિટ 125 ધબકારા

36. નીચેના પ્રાણીઓને તેમની સંબંધિત લાક્ષણિકતા સાથે જોડો :

| | | | |
|---|---|---|---|
| (a) | *પાઈલા* | (i) | જ્યોત કોષો |
| (b) | *બોમ્બેક્સ* | (ii) | કંકત તક્તીઓ |
| (c) | *પ્લુરોબ્રેકિયા* | (iii) | રેત્રિકા |
| (d) | *ટિનીયા* | (iv) | માલ્પિજીયન નલિકાઓ |

સાચો વિકલ્પ પસંદ કરો.

| | **(a)** | **(b)** | **(c)** | **(d)** |
|---|---|---|---|---|
| (1) | (iii) | (ii) | (i) | (iv) |
| (2) | (iii) | (iv) | (ii) | (i) |
| (3) | (ii) | (iv) | (iii) | (i) |
| (4) | (iii) | (ii) | (iv) | (i) |

37. Variations caused by mutation, as proposed by Hugo de Vries, are :

(1) random and directional

(2) random and directionless

(3) small and directional

(4) small and directionless

37. હ્યુગો દ્ વ્રિસ દ્વારા રજુ કરાયેલ કે વિવિધતા એ વિકૃતિ ને કારણે હોય છે તે આ છે :

(1) અસ્તવ્યસ્ત અને દિશાસહિત

(2) અસ્તવ્યસ્ત અને દિશાવિહિન

(3) નાની અને દિશાસહિત

(4) નાની અને દિશાવિહિન

38. Tidal Volume and Expiratory Reserve Volume of an athlete is 500 mL and 1000 mL respectively. What will be his Expiratory Capacity if the Residual Volume is 1200 mL ?

(1) 1500 mL

(2) 1700 mL

(3) 2200 mL

(4) 2700 mL

38. એક રમતવીર (એથલેટ) નું ટાઈડલ વોલ્યુમ અને એક્સપાઈરેટરી વોલ્યુમ અનુક્રમે 500 mL અને 1000 mL છે. જો રેસિડ્યુઅલ વોલ્યુમ 1200 mL હોય તો, તેની એક્સપાઈરેટરી કેપેસીટી કેટલી હશે ?

(1) 1500 mL

(2) 1700 mL

(3) 2200 mL

(4) 2700 mL

39. Following statements describe the characteristics of the enzyme Restriction Endonuclease. Identify the **incorrect** statement.

(1) The enzyme cuts DNA molecule at identified position within the DNA.

(2) The enzyme binds DNA at specific sites and cuts only one of the two strands.

(3) The enzyme cuts the sugar-phosphate backbone at specific sites on each strand.

(4) The enzyme recognizes a specific palindromic nucleotide sequence in the DNA.

39. નીચેના વિધાનો રેસ્ટ્રીક્શન એન્ડોન્યુક્લિયેઝ ઉત્સેચકની લાક્ષણીકતા દર્શાવે છે. **ખોટુ** વિધાન ઓળખો.

(1) DNA ની અંદર ચોક્કસ સ્થાન ઓળખી આ ઉત્સેચક DNA અણુમાં કાપ મૂકે છે.

(2) આ ઉત્સેચક DNA ને ચોક્કસ સ્થાને જોડે છે અને માત્ર બે પૈકી કોઈ એક શૃંખલા પર કાપ મૂકે છે.

(3) આ ઉત્સેચક દરેક શૃંખલા પર સુગર-ફોસ્ફેટ માળખાને ચોક્કસ સ્થાને કાપે છે.

(4) DNA પર આવેલ પેલીનડ્રોમીક ન્યુક્લિઓટાઈડ શ્રેણી ને આ ઉત્સેચક ઓળખી શકે છે.

40. What triggers activation of protoxin to active Bt toxin of *Bacillus thuringiensis* in boll worm ?

(1) Body temperature

(2) Moist surface of midgut

(3) Alkaline pH of gut

(4) Acidic pH of stomach

40. બોલવર્મમાં આવેલ *બેસીલસ થુરીનજીનસીસ* માં એવું શું છે કે જે પ્રોટોક્સીન ના ઉછેરને ઉત્પ્રેરીત કરીને તેને સક્રિય Bt ટોક્સીનમાં ફેરવી શકે ?

(1) શરીર નું તાપમાન

(2) મધ્યાંત્રની ભીની સપાટી

(3) આંત્રની આલ્કલાઈન pH

(4) જઠરની એસીડિક pH

41. Identify the cells whose secretion protects the lining of gastro-intestinal tract from various enzymes.

(1) Chief Cells

(2) Goblet Cells

(3) Oxyntic Cells

(4) Duodenal Cells

41. આ કોષોને ઓળખો કે જેમનો સ્રાવ, પાચન માર્ગના સ્તરને વિવિધ ઉત્સેચકોની અસરથી બચાવે છે.

(1) પ્રધાન કોષો

(2) ગોબ્લેટ કોષો

(3) ઓક્ઝિન્ટીક કોષો

(4) પકવાશયના કોષો

42. Pinus seed **cannot** germinate and establish without fungal association. This is because :

(1) its embryo is immature.

(2) it has obligate association with mycorrhizae.

(3) it has very hard seed coat.

(4) its seeds contain inhibitors that prevent germination.

43. Which part of the brain is responsible for thermoregulation ?

(1) Cerebrum

(2) Hypothalamus

(3) Corpus callosum

(4) Medulla oblongata

44. In a species, the weight of newborn ranges from 2 to 5 kg. 97% of the newborn with an average weight between 3 to 3.3 kg survive whereas 99% of the infants born with weights from 2 to 2.5 kg or 4.5 to 5 kg die. Which type of selection process is taking place ?

(1) Directional Selection

(2) Stabilizing Selection

(3) Disruptive Selection

(4) Cyclical Selection

45. Use of an artificial kidney during hemodialysis may result in :

(a) Nitrogenous waste build-up in the body

(b) Non-elimination of excess potassium ions

(c) Reduced absorption of calcium ions from gastro-intestinal tract

(d) Reduced RBC production

Which of the following options is the most **appropriate** ?

(1) (a) and (b) are correct

(2) (b) and (c) are correct

(3) (c) and (d) are correct

(4) (a) and (d) are correct

42. પાયનસના બીજ, ફંગલ (ફૂગ) તંતુઓ સાથે સંબંધ રાખ્યા વગર અંકુરીત થઈ શકતા **નથી.** આવુ બને છે કારણ કે :

(1) તેનો ભ્રૂણ અવિકસીત હોય છે.

(2) તેનો કવકજાળ સાથે અવિકલ્પી સંબંધ હોય છે.

(3) તેનું બીજાવરણ ઘણુ કઠણ હોય છે.

(4) તેના બીજો, અવરોધકો ધરાવે છે કે જે અંકુરણને અટકાવે છે.

43. ઉષ્માના નિયમન માટે મગજનો ક્યો ભાગ જવાબદાર છે ?

(1) બૃહદ મસ્તિષ્ક

(2) હાઈપોથેલેમસ

(3) કેલોસમ કાય

(4) લંબમજ્જા

44. એક જાતિમાં નવજાતનું વજન 2 થી 5 kg વચ્ચેનું હોય છે. 97% નવજાત પૈકીના સરેરાશ 3 થી 3.3 kg વજન ધરાવતા નવજાત બચી જાય છે જ્યારે 99% ઈન્ફન્ટસ 2 થી 2.5 kg કે 4.5 થી 5 kg વજન ધરાવતા જન્મે છે તેઓ મૃત્યુ પામે છે. તો આ ક્યા પ્રકારની પસંદગીની પ્રક્રિયા છે ?

(1) ડાઈરેક્શનલ સિલેક્શન

(2) સ્ટેબિલાઈઝીંગ સિલેક્શન

(3) ડીસરપ્ટીવ સિલેક્શન

(4) સાઈક્લીક (ચક્રિય) સિલેક્શન

45. હીમોડાયાલિસીસ દરમ્યાન કૃત્રિમ મૂત્રપિંડનો વપરાશ આમાં પરિણમી શકે છે :

(a) શરીરમાં નાઇટ્રોજન યુક્ત અશુદ્ધિઓની જમાવટ.

(b) વધારાના પોટેશિયમ આયનોનો નિકાલ થતો નથી.

(c) પાચન માર્ગમાંથી કેલ્શિયમ આયનોના અભિશોષણ ઘટાડો.

(d) RBC ના નિર્માણમાં ઘટાડો.

નીચેનામાંથી ક્યો વિકલ્પ સૌથી યોગ્ય છે ?

(1) (a) અને (b) સાચા છે.

(2) (b) અને (c) સાચા છે.

(3) (c) અને (d) સાચા છે.

(4) (a) અને (d) સાચા છે.

46. Placentation, in which ovules develop on the inner wall of the ovary or in peripheral part, is :

(1) Basal
(2) Axile
(3) Parietal
(4) Free central

47. Consider the following statements :

**(A)** Coenzyme or metal ion that is tightly bound to enzyme protein is called prosthetic group.

**(B)** A complete catalytic active enzyme with its bound prosthetic group is called apoenzyme.

Select the **correct** option.

(1) Both **(A)** and **(B)** are true.
(2) **(A)** is true but **(B)** is false.
(3) Both **(A)** and **(B)** are false.
(4) **(A)** is false but **(B)** is true.

48. Match the **Column - I** with **Column - II** :

| | **Column - I** | | **Column - II** |
|---|---|---|---|
| (a) | P - wave | (i) | Depolarisation of ventricles |
| (b) | QRS complex | (ii) | Repolarisation of ventricles |
| (c) | T - wave | (iii) | Coronary ischemia |
| (d) | Reduction in the size of T - wave | (iv) | Depolarisation of atria |
| | | (v) | Repolarisation of atria |

Select the **correct** option.

| | **(a)** | **(b)** | **(c)** | **(d)** |
|---|---|---|---|---|
| (1) | (iv) | (i) | (ii) | (iii) |
| (2) | (iv) | (i) | (ii) | (v) |
| (3) | (ii) | (i) | (v) | (iii) |
| (4) | (ii) | (iii) | (v) | (iv) |

49. Which of the following protocols did aim for reducing emission of chlorofluorocarbons into the atmosphere ?

(1) Montreal Protocol
(2) Kyoto Protocol
(3) Gothenburg Protocol
(4) Geneva Protocol

46. એવો જરાયુવિન્યાસ, કે જેમાં અંડકો એ બીજાશયની આંતરિક દિવાલ અથવા પરીધવર્તી ભાગ પર થી ઉદ્‌ભવે તેને આ કહે છે :

(1) તલસ્થ
(2) અક્ષસ્થ
(3) ચર્મવર્તી
(4) મુક્ત કેન્દ્રસ્થ

47. નીચેના વિધાનોને ધ્યાને લઈ :

**(A)** ઉત્સેચકીય પ્રોટીન સાથે મજબૂત રીતે જોડાયેલા સહઉત્સેચકો કે ધાતુ આયનો પ્રોસ્થેટિક સમુહ કહેવાય છે.

**(B)** સંપૂર્ણ કેટેલાઈટિક સક્રિય ઉત્સેચક અને તેની સાથે જોડાયેલ પ્રોસ્થેટિક જૂથને એપોએન્ઝાઈમ (સહઉત્સેચક) કહે છે.

**સાચો** વિકલ્પ પસંદ કરો :

(1) **(A)** અને **(B)** બન્ને સાચા છે.
(2) **(A)** સાચું છે પરંતુ **(B)** ખોટું છે.
(3) **(A)** અને **(B)** બન્ને ખોટા છે.
(4) **(A)** ખોટું છે પરંતુ **(B)** સાચું છે.

48. **કોલમ -I** ને **કોલમ -II** સાથે યોગ્ય રીતે જોડો :

| | **કોલમ -I** | | **કોલમ -II** |
|---|---|---|---|
| (a) | P - તરંગ | (i) | ક્ષેપકોનું વિધ્રુવીકરણ |
| (b) | QRS સંકુલ | (ii) | ક્ષેપકોનું પુનઃધ્રુવીકરણ |
| (c) | T - તરંગ | (iii) | કોરોનરી ઈશ્ચેમિયા |
| (d) | T - તરંગના કદમાં ઘટાડો | (iv) | કર્ણકોનું વિધ્રુવીકરણ |
| | | (v) | કર્ણકોનું પુનઃધ્રુવીકરણ |

નીચેમાંથી **સાચો** વિકલ્પ પસંદ કરો.

| | **(a)** | **(b)** | **(c)** | **(d)** |
|---|---|---|---|---|
| (1) | (iv) | (i) | (ii) | (iii) |
| (2) | (iv) | (i) | (ii) | (v) |
| (3) | (ii) | (i) | (v) | (iii) |
| (4) | (ii) | (iii) | (v) | (iv) |

49. નીચે પૈકીનો ક્યો પ્રોટોકોલ (ધારો) વાતાવરણમાં ક્લોરોફ્લુરોકાર્બનના એમીશનને ઘટાડવા માટે નક્કી કરાયો છે ?

(1) મોન્ટ્રીયલ પ્રોટોકોલ
(2) ક્યોટો પ્રોટોકોલ
(3) ગોથેન્બર્ગ પ્રોટોકોલ
(4) જીનેવા પ્રોટોકોલ

50. Polyblend, a fine powder of recycled modified plastic, has proved to be a good material for :

(1) making plastic sacks

(2) use as a fertilizer

(3) construction of roads

(4) making tubes and pipes

51. Which of the following can be used as a biocontrol agent in the treatment of plant disease ?

(1) *Trichoderma*

(2) *Chlorella*

(3) *Anabaena*

(4) *Lactobacillus*

52. Which of the following sexually transmitted diseases is **not** completely curable ?

(1) Gonorrhoea

(2) Genital warts

(3) Genital herpes

(4) Chlamydiasis

53. *Thiobacillus* is a group of bacteria helpful in carrying out :

(1) Nitrogen fixation

(2) Chemoautotrophic fixation

(3) Nitrification

(4) Denitrification

54. Colostrum, the yellowish fluid, secreted by mother during the initial days of lactation is very essential to impart immunity to the newborn infants because it contains :

(1) Natural killer cells

(2) Monocytes

(3) Macrophages

(4) Immunoglobulin A

50. પોલીબ્લેન્ડ, કે જે રીસાઈકલ પરિવર્તીત પ્લાસ્ટીક માંથી મેળવાયેલ સૂક્ષ્મ પાઉડર છે તે એક સારા પદાર્થ તરીકે આના માટે છે :

(1) પ્લાસ્ટીક ગુણ બનાવવા

(2) ખાતર તરીકે વપરાશ

(3) રસ્તાના નિર્માણ માટે

(4) ટ્યુબ્સ્ અને પાઈપ બનાવવા માટે

51. વનસ્પતિ રોગની સારવાર માટે નીચે પૈકી શું જૈવિકનિયંત્રણ (બાયોકન્ટ્રોલ) એજન્ટ તરીકે વપરાય છે ?

(1) *ટ્રાયકોડર્મા*

(2) *ક્લોરેલા*

(3) *એનાબીના*

(4) *લેક્ટોબેસીલસ*

52. નીચે પૈકીનો ક્યો જાતીય સંક્રમિત રોગ છે કે જેનો સંપૂર્ણપણે ઉપચાર થઈ શકતો **નથી** ?

(1) ગોનોરીયા

(2) જનનાંગીય મસા

(3) જનનાંગીય હર્પીસ

(4) ક્લેમીડાયેસિસ

53. *થીઓબેસિલસ* એ બેક્ટેરિયા નો સમૂહ છે જે આ ક્રિયા કરવામાં મદદ રૂપ બને છે :

(1) નાઇટ્રોજન સ્થાયીકરણ

(2) કેમોઓટોટ્રોફીક સ્થાયીકરણ

(3) નાઇટ્રીફીકેશન

(4) ડીનાઇટ્રીફીકેશન

54. દુગ્ધસ્ત્રાવના શરૂઆતના દિવસોમાં માતા દ્વારા સ્રાવ કરવામાં આવતું પીળાશ પડતું પ્રવાહી - કોલોસ્ટ્રમ, નવજાત ઈન્ફન્ટ્સને રોગપ્રતિકારકતા મેળવવા માટે ખૂબજ જરૂરી છે. કારણ કે તે આ ધરાવે છે :

(1) નૈસર્ગિક (કુદરતી) મારક કોષો

(2) મોનોસાઈટ્સ

(3) મેક્રોફેજીસ

(4) ઈમ્યુનોગ્લોબ્યુલિન A

55. The Earth Summit held in Rio de Janeiro in 1992 was called :

(1) to reduce $CO_2$ emissions and global warming.

(2) for conservation of biodiversity and sustainable utilization of its benefits.

(3) to assess threat posed to native species by invasive weed species.

(4) for immediate steps to discontinue use of CFCs that were damaging the ozone layer.

56. Match **Column - I** with **Column - II**.

| | **Column - I** | | **Column - II** |
|---|---|---|---|
| (a) | Saprophyte | (i) | Symbiotic association of fungi with plant roots |
| (b) | Parasite | (ii) | Decomposition of dead organic materials |
| (c) | Lichens | (iii) | Living on living plants or animals |
| (d) | Mycorrhiza | (iv) | Symbiotic association of algae and fungi |

Choose the **correct** answer from the options given below :

| | **(a)** | **(b)** | **(c)** | **(d)** |
|---|---|---|---|---|
| (1) | (i) | (ii) | (iii) | (iv) |
| (2) | (iii) | (ii) | (i) | (iv) |
| (3) | (ii) | (i) | (iii) | (iv) |
| (4) | (ii) | (iii) | (iv) | (i) |

57. Purines found both in DNA and RNA are :

(1) Adenine and thymine

(2) Adenine and guanine

(3) Guanine and cytosine

(4) Cytosine and thymine

58. What is the direction of movement of sugars in phloem ?

(1) Non-multidirectional

(2) Upward

(3) Downward

(4) Bi-directional

55. રીઓ-ડી-જાનેરો ખાતે 1992 માં મળેલ 'પૃથ્વી સંમેલન' આના માટે બોલાવાયેલ :

(1) $CO_2$ ઉત્સર્જન અને વૈશ્વીક ગરમી ઘટાડવું.

(2) બાયોડાયવર્સીટીનું સંરક્ષણ અને તેનો ચિરંતન ઉપયોગ તેના લાભો માટે કરવો.

(3) ચડી આવતી નિંદણની જાતો થી થનાર નુકસાનનો ક્યાસ કાઢવા કે જે સ્થાનિક જાતો પર અસર કરે છે.

(4) તાત્કાલિક અસરથી CFC નો ઉપયોગ બંધ કરવા કે જેના ઉપયોગ થી ઓઝોન સ્તર ને નુકસાન થાય છે.

56. કોલમ-I અને કોલમ-II ને યોગ્યરીતે જોડો :

| | **કોલમ-I** | | **કોલમ-II** |
|---|---|---|---|
| (a) | મૃતોપજીવી | (i) | વનસ્પતિ મૂળ અને ફૂગ વચ્ચે સહજીવી સંબંધ |
| (b) | પરોપજીવી | (ii) | મૃત કાર્બનિક દ્રવ્યોનું વિઘટન |
